


(તસવીર : દિપક જાની)

# ટાઉનહોલમાં ચિત્ર-દર્શને આકર્ષણ જમાવ્યું

સ્કુલ ઓફ ડાન્સની સાથે આજે સ્કુલ ઓફ ડ્રોઈંગ એન્ડ પેઈન્ટિંગનો પણ પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ અન્વયે ટાઉનહોલમાં અદ્દભુત ચિત્ર પ્રદર્શન પણ યોજવામાં આવ્યું હતું જેમાં ગાંધીનગરના ચિત્રકારો


(તસવીર : દિપક જાની)

દ્વારા તૈયાર કરાયેલા ૩૩ જેટલા વૈવિધ્યસભર ચિત્રો પ્રદર્શનમાં મુકવામાં આવ્યા હતા. આ પિક્ચર ગેલેરીમાં કુદરતી દ્રશ્યો, પદાર્થ ચિત્રો, મુક ચિત્રો, ગ્લાસ પેઈન્ટિંગ, એડવર્ટાઈઝમેન્ટ એન્ડ ડીઝાઈનર તેમજ એબ્સ્ટ્રેક્ટ આર્ટ સહિતના રંગારંગ દ્રશ્યો મુલાકાતીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. ફિલ્મી કલાકારો, નેતાઓ ઉપરાંત દેશની મહાન વિભૂતિઓના આબેહુબ ચિત્રોમાં અદ્દભુત કલાનો સમન્વય જોવા મળ્યો હતો. ચિત્ર પ્રદર્શનના આ સફળ આયોજન પાછળ કલ્ચરલ ફોરમના નિમેશ રાવલ, આરતી ભટ્ટ, મમતા રાવલ, ઈન્દ્રજીત સોલંકી, વત્સલ વોરા, સાધનાબેન જોષી, તૃષાબેન વ્યાસ ઉપરાંત સ્કૂલ ઓફ પેઈન્ટીંગ્સના વિદ્યાર્થીઓએ જહેમત ઉઠાવી હતી.

# કલ્ચરલ ફોરમ દ્વારા સ્કૂલ ઓફ ડાન્સ અને ડ્રોઈંગનો શુભારંભે રંગારંગ કાર્યક્રમ

## સારા વ્યક્તિના ઘડતર માટે કલા અનિવાર્ય અંગ છે : ઈલાક્ષીબેન ઠાકોર : રથયાત્રા પવિત્ર દિવસે કલ્ચરલ ફોરમ દ્વારા નગરના કલારસિકોને નવી ભેટ

ગાંધીનગર,તા.૨૯

ગાંધીનગરમાં કલા અને સાંસ્કૃતિક ક્ષેત્રે અનોખી ચેતના પ્રગટી છે. ગાંધીનગરની કલા સંસ્થા કલ્ચરલ ફોરમ દ્વારા સ્કુલ ઓફ એક્ટિંગની સફળતા બાદ આજે અષાઢી બીજના પવિત્ર દિવસે સ્કુલ ઓફ ડાન્સ અને પેઈન્ટિંગનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ તબક્કે સેક્ટર-૧૭ સ્થિત ટાઉન હોલ ખાતે એક સમારોહ યોજવામાં આવ્યો હતો. કલ્ચરલ ફોરમની દ્વિદશાબ્દી વર્ષ નિમિત્તે સ્કુલ ઓફ ડાન્સ અને ડ્રોઈંગ-પેઈન્ટિંગના શુભારંભ તબક્કે કલા જગતના શ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે જાણીતા કવિ અને ચિત્રકાર માધવ રામાનુજે જણાવ્યું હતું કે કલા

## કલા દર્દ ઉભું કરે છે, તેને માણવાની અને સમજવાની નવી તકો ઉભી થશે : માધવ રામાનુજ : કલાકારોને તક મળે તો તેની શક્તિ ખીલે છે : જોરાવરસિંહ જાદવ

દર્દ ઉભું કરે છે. નગરમાં કલાનું શિક્ષણ પૂરું પડતી આ સંસ્થાના માધ્યમથી નગરજનોને કલાને માણવા અને સમજવાની પણ તક મળી રહેશે. તેમણે સંસ્થાના આ પ્રયાસને બિરદાવ્યો હતો.

ગાંધીનગરમાં આજે રથયાત્રાના પવિત્ર દિવસે સ્કુલ ઓફ ડાન્સિંગ અને પેઈન્ટીગની શરૂઆત



કરી કલ્ચરલ ફોરમે નગરના કલા રશીકોને નવી ભેટ ધરી હતી. ગત વર્ષે કલ્ચરલ ફોરમ દ્વારા સ્કુલ ઓફ એક્ટિંગનો -રંભ કરવામાં આવ્યો હતો. જેના માધ્યમથી નગરમાં ઉગતા કલાકારોને સ્ટેજ પૂરું પાડવાની ઉમદા પ્રવૃત્તિ પણ ચાલી રહી છે. આગામી દિવસોમાં ગાંધીનગરમાં કલ્ચરલ યુનિવર્સીટી શરુ કરવાનું આયોજન પણ વિચારણા હેઠળ છે. ત્યારે આજે નગરના કલારશીકો માટે સંસ્થા દ્વારા સ્કુલ ઓફ ડાન્સ અને પેઈન્ટિંગનો પણ પ્રારંભ કરવામાં આવ્યો છે. ટાઉનહોલમાં યોજાયેલા સમારોહ દરમિયાન કલાજગતના શ્રેષ્ઠીઓએ કલ્ચરલ ફોરમના આ પ્રયાસને બિરદાવ્યો હતો. આ તબક્કે સી. એન કલાવિદ્યાલયના પૂર્વ આચાર્ય માધવ રામાનુજે સંસ્થાના આ પ્રયાસને બિરદાવતા જણાવ્યું હતું કે સ્કુલ ઓફ ડાન્સ અને પેઈન્ટિંગના માધ્યમથી નગરના કલારશીકોને કલાને માણવાની અને સમજવાની નવી તકો ઉભી થશે. તેમણે તેમ પણ જણાવ્યું હતું કે કલા દર્દ ઉભું કરે છે. કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાંત જહાએ જણાવ્યું હતું કે કલા સંસ્થાની આ પ્રવૃત્તિથી નગરની આવતી કાલની ઉજ્જવળ બાજુને ઘડવાનો આ પ્રયત્ન છે. સાંસ્કૃતિક ચેતનાને નવી પેઢી ઝંખે છે ત્યારે સમાજને કલા અને સંસ્કૃતિની સાથે શિસ્ત, સંયમ અને વધુ સંવેદનશીલ બનાવવાની દિશામાં લઈ જવાનું આ સ્વપ્ન છે. આ પડકારોને પોંખવાનો પ્રસંગ છે પરંતુ નગરજનોના સહયોગથી ચોક્કસ ભણતરની સાથે જીવન ઘડતરનું આ સ્વપ્ન સાકાર થશે તેવી આશા તેમણે વ્યક્ત કરી હતી. કલાજગતના અગ્રણી જોરાવરસિંહ જાદવે પણ આ પ્રસંગે જણાવ્યું હતું કે કલાકારોને પણ જો તક મળે તો તેની શક્તિ ખીલે છે. આ સંસ્થાના પ્રયાસ થકી કલા અને સંસ્કૃતિની સુવાસ દેશ-વિદેશ સુધી

● અનુસંધાન પાન-૭ પર

# ભગવાનના મોસાળમાં ૪૦૦૦ ભાવિકોને મોહનથાળ, ખીચડીનો પ્રસાદ પીરસાયો

ગાંધીનગર,તા.૨૯

ભગવાન જગન્નાથજીની રથયાત્રા નિયત રુટ ઉપર આગળ વધતી વધતી બપોરના સમયે સેક્ટર-૨૯ સ્થિત જલારામ ધામ ખાતે ભગવાનના મોસાળામાં આવી પહોંચી હતી. જલારામ મંદિર ખાતે ઉમળકાભેર રથયાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. મોતી સંખ્યામાં એકત્રિત થયેલા ભાવિકોએ દર્શનનો લાભ લીધો હતો. મંદિરના પુજારી તેમજ જલારામ સેવા સમાજ અને લોહાણા યુવા સંગઠનના અગ્રણીઓ



દ્વારા ભગવાનની અર્ચના કરી ભવ્ય કરવામાં ભગવાનના



પૂજા રથયાત્રાનું સ્વાગત આવ્યું હતું. મોસાળમાં

રથયાત્રામાં જોડાયેલા ભાવિકોએ પ્રસાદનો લાભ લઈ વિસામો લીધો હતો. મોસાળામાં ૪૦૦૦ ભાવિકોને મોહનથાળ, ખીચડી, બટાકાનું શાક અને ઠંડી છાસનો પ્રસાદ પીરસવામાં આવ્યો હતો. મહાપ્રસાદ તૈયાર કરવા માટે ૬૦૦ કિલો ચોખ્ખું ઘી, ૧૦૦ કિલો ખાંડ, ૨૦૦ કિલો ચોખા, ૮૦ કિલો મગનની દાળ, ૪૦૦ કિલો બટેટા, ૫૦૦ કિલો ટામેટા ઉપરાંત ૧૦ હજાર લીટર છાસનો વપરાસ થયો હતો. ભગવાનના મોસાળામાં પ્રસાદનો લાભ લઈ મોટી સંખ્યામાં ઉપસ્થિત ભાવિકોએ વિસામો લીધો હતો. ત્યાર બાદ રથયાત્રા નિયત રુટ પર જય રણછોડ... માખણ ચોર...ના નાદ સાથે આગળ વધી હતી.

# રાજ્યના પોલીસ વડાએ પોલીસભવન સામે રથયાત્રા ભવ્યનું સ્વાગત કર્યું

ભગવાન જગન્નાથજીની રથયાત્રાનું સેક્ટરોમાં ઠેર ઠેર ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. જય રણછોડ..માખણ ચોર..ના જય ઘોષ સાથે આગળ વધતી ભગવાનની રથયાત્રાને સેક્ટરોમાં ભાવિકોએ ફૂલડે વધાવી હતી. પૂજા અર્ચનાની સાથે સેકટરોના અગ્રણીઓ અને વેપારીઓ દ્વારા ભાવિકો માટે શરબત, ઠંડુ પાણી અને છાસ તથા આઈસ્ક્રીમ સહિતની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. રજાના દિવસે પણ ભાવિકોનો ઉત્સાહ વિશેષ જોવા મળ્યો હતો. નિયત રૂટમાં આગળ વધતી રથયાત્રા પોલીસ ભવન પાસેથી પસાર થતા રાજયના પોલીસ વડા પી.સી. ઠાકુરે પરંપરા જાળવીને યાત્રાનું ભવ્ય સ્વાગત કર્યું હતું.


## મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકુનગુનિયા જેવાં વાહકજન્ય રોગોથી બચવા આટલુ કરીએ

### મેલેરિયા વિરોધી માસ ઉજવણી-૨૦૧૪

૧) મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકુનગુનિયા મચ્છરથી ફેલાતા વાહકજવ્ય રોગ છે.
૨) આ રોગના મચ્છરો ચોખ્ખા બંધીયાર પાણીમાં ઉત્પન્ન થાય છે.
૩) ઘરમાં અને આસપાસ પાણીનો ભરાવો તેમજ ખાડા-ખાબોચિયા દૂર કરીએ.
૪) પાણી ભરવાના તમામ વાસણો અઠવાડિયામાં એકવાર ખાલી કરી, અંદરની બાજુએથી ઘસીને સાફ કરી તડકે સુકવીએ.
૫) શરીર પૂરુ ઢંકાય તેવા કપડા પહેરવા
૬) મચ્છર ભગાડવાની અગરબત્તી, રીપેલન્ટનો ઉપયોગ કરવો.
૭) સવારે ગુગળનો ધૂપ તથા સંધ્યાકાળે લીમડાનો ધૂમાડો કરવો.
૮) વહેલી સવારે તથા સાંજે ઘરના બારી-બારણા બંધ રાખવા.
૯) ઘરની આસપાસ કે છત ઉપર પડેલ નકામા ટાયરોનો નાશ કરવો.
૧૦) પક્ષીકુંજ, ફુલદાની, કુંડા, કુલર, ફ્રીઝની ટ્રે માં ડેન્ગ્યુ તથા ચિકુનગુનિયાના મચ્છરો ઉત્પન્ન થાય છે. જે અઠવાડિયામાં એક વખત ખાલી કરી અને ઘસીને સાફ કરવું.

'નાનો ડંખ મોટો ભય'
"Small Bite, Big Threat."
જિલ્લા પંચાયત, ગાંધીનગર

## ભાવ પુષ્પાંજલિ



'અમર આત્મા'
**સ્વ. શ્રી કાન્તિલાલ કે. નાયી**
(પૂર્ણિમા હોટલ)
ચિર વિદાય : અષાઢ સુદ-૩, ૧૧-૭-૨૦૧૩, ગુરૂવાર

॥ ૐ ભૂર્ભૂર્વઃ સ્વઃ તત્સવિર્તુવરેણ્યમ્ ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યોનઃ પ્રચોદયાત ॥

શત્ શત્ પ્રણામ દિવ્ય આત્માને,
પ્રતિક્ષણ જેમણે સમાજ માટે ચિંતા અને ચિંતન કર્યું. ઘસાઈને ઉજળા બન્યા, નાના-મોટાનાં દિલમાં સ્થાન પ્રાપ્ત કર્યું. ફરિયાદ કોને કરવી ? યાદ કરીને, મન મનાવીએ છીએ.

બસ એ જ આપનો પરિવાર
પ્રવિણભાઈ એન. શર્મા — રામભાઈ રેવાભાઈ
અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર — મહેન્દ્રભાઈ શકરચંદ
વસંતભાઈ, નટુભાઈ, લક્ષ્મણભાઈ, ત્રિકમભાઈ
તથા સોસ્તર જૂથ સમાજ
ગાંધીનગર પરિવારના સભ્યો

GPSC (1/2) CSAT/GS
Dy.SP / DC / મામલતદાર / SO / TDO / DR
351 કુલ જગ્યાઓ
પરીક્ષા તારીખ 12.10.2014
ફી માત્ર ₹ 24,000/- (F) ₹ 28,000/- (M)
પ્રિલિમ પરીક્ષાના સમય સુધીનો અભ્યાસક્રમ (Max.6 months) | સંપૂર્ણ અદ્યતન સાહિત્ય FREE... FREE...

ગાંધીનગર શાખા માટે

| બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|
| 04.07.2014 | સવારના 10-30 થી 12-30 | સોમ થી શુક્ર |
| 02.07.2014 | સાંજના 6-30 થી 8-30 | સોમ થી શુક્ર |
| 09.07.2014 | રાત્રિના 12-45 થી 10-45 | સોમ થી શુક્ર |
| 06.07.2014 | સવારના 8-45 થી બપોરના 3.00 | રવિવાર |
| 12.07.2014 | સાંજના 6-30 થી 10-30 | શનિ / રવિ |

મહેસાણા શાખા માટે

| બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|
| 04.07.2014 | સવારના 8-15 થી 10-15 | રવિ થી ગુરૂ |

BANK CLERK (IBPS)
શોર્ટકટ સાથે સ્પીડ & એક્યુરસીનું શિક્ષણ — 4 માસનો અભ્યાસક્રમ
ફી માત્ર ₹ 11,000/- (F) ₹ 14,000/- (M)

| શાખા | બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|---|
| પેથાપુર શાખા માટે | 18.07.2014 | બપોરના 2-45 થી 4-15 | સોમ થી શુક્ર |
| ગાંધીનગર શાખા માટે | 17.07.2014 | બપોરના 12-45 થી 2-15 | સોમ થી શુક્ર |
| મહેસાણા શાખા માટે | 21.07.2014 | સવારના 10-30 થી 12-00 | સોમ થી શુક્ર |

કલાર્ક / કોન્સ્ટેબલ / તલાટી : વર્ગ-3 માટે જ ખાસ
માસ્ટર કોર્ષ-2014
4 માસનો અભ્યાસક્રમ — ગુજરાતી / અંગ્રેજી / ગણિત / બુદ્ધિ ચાતુર્ય / સામાન્ય જ્ઞાન — સંપૂર્ણ અદ્યતન સાહિત્ય FREE
ફી માત્ર ₹ 11,000/- (F) ₹ 14,000/- (M)

| શાખા | બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|---|
| પેથાપુર શાખા માટે | 10.07.2014 | સાંજના 4-30 થી 6-00 | સોમ થી શુક્ર |
| ગાંધીનગર શાખા માટે | 11.07.2014 | સાંજના 4-15 થી 5-45 | સોમ થી શુક્ર |
| મહેસાણા શાખા માટે | 15.07.2014 | બપોરના 12-15 થી 1-45 | સોમ થી શુક્ર |

TCCI EDUCATION PVT. LTD.
ગાંધીનગર 9537614606 — પ્લોટ 328/2, પ્રથમ માળ, ઘ-2 થી ઘ-2ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સેક્ટર-7/A. સંપર્ક : સોમ થી શનિ (બપોરના 3.00 થી 5.30 સુધી)
મહેસાણા 9537614607 — પ્રથમ માળ, ચિરાગ પ્લાઝા, આર્યન વર્લ્ડ વાઇડની બાજુમાં, માનવ આશ્રમ ચોકડી, વિસનગર રોડ. સંપર્ક : સોમ થી શનિ (સવારના 10.00 થી 4.30 સુધી)
પેથાપુર શાખા 03.07.2014 (ગુરૂવાર) થી શરૂ થશે
ઓફીસ નં. 229, 230, બીજો માળ, શ્રી સ્કવેર બિલ્ડીંગ, પેથાપુર ચોકડી, મહુડી-ગાંધીનગર રોડ, પેથાપુર, ગાંધીનગર.

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અક્ષી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન-૨૩૨૨૨૫૭૧
ફોન-૨૩૨૩૭૫૭૧

ગાંધીનગર માટે
આપનું LED TV, LCD TV & Colour TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી ફક્ત ફોન કરો
૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬, ૯૪૨૬૨ ૭૦૪૮૧

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable! — CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

SANGHI CEMENT — KisaN — ashirvad C. PVC, UPVC — VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS — DR.FIXIT — TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com